## અંબાજી ખાતે મંદિર સામેના કોમ્પ્લેક્ષમાં ૯૦ ફૂટ ઉંચા

# ડોમના પતરા પરથી પગ લપસતાં કારીગરનુ મોત







અંબાજી, તા. ૬

અંબાજીમાં મંદિરની સામેની બાજુએ આનંદભવાની કોમ્પલેક્ષમાં વરસાદી પાણીથી બચવા માટે ૯૦ ફૂટ જેટલા ઊંચા ફાયબરના ડોમના પતરા ફીટ કરવા ચઢેલો કારીગરનો પગ લપસતા કારીગરનુ ઘટનાસ્થળે મોત નિપજેલ છે. ૯૦ ફૂટ નીચે પટકાયેલા કારીગરને જોવા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.જો કે નીચે પટકાયેલા કારીગરને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ જવાય તે પહેલા જ તેના પ્રાણપંખેરૂ ઉડી ગયા હતા. મરનાર કારીગર દાંતાના અરવીંદ દરજી હોવાનુ જાણવા મળેલ છે. આ ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને અંબાજીની કોટેજ હોસ્પિટલમાં પી.એમ. માટે મોકલવાની કામગીરી હાથ ધરી છે. જો કે ૫૦થી ૯૦ ફૂટની ઉંચાઈએ કામ કરતા કારીગરનુ મોત નિપજતા તેમની સુરક્ષાને લઈ પ્રજામાં અનેક પ્રશ્નો ઉઠી રહ્યા છે. એટલુ જ નહી આસપાસના સીસીટીવીના કેમેરાઓ પણ બંધ જોવા મળતા પણ સુરક્ષાને લઈ સવાલો પેદા થઈ રહ્યા છે.

# ધાનેરામાં ખુલ્લેઆમ વેચાતી મધુ મુનક્કા નામની નશાની ગોળી

ધાનેરા, તા. ૬

દેશમાં યુવાનોને નશાથી દૂર રાખવાની સરકારની નિતિને પાણીમાં ફેરવવાની નીતિ હાલ ધાનેરા ખાતે મધુ મુનક્કા નામની ગોળી કરી રહી છે. આ ગોળી ધાનેરામાં પાન ગલ્લા તેમજ નાની દુકાનો પર ખાનગી રાહે વેચાઈ રહી છે. પાંચ રૂપિયાની પડિકી યુવાનોને ભાંગના નશા જેવી ગોળી લોકોના મગજ ખાલી કરી રહી છે. આ ગોળી પર આયુર્વેદિક શબ્દથી પણ લખવામાં આવેલ છે અને બિયાવર રાજસ્થાનની કંપની છે.




હકીકતમાં આ ગોળીની તપાસ થવી જરૂરી છે અને એક વખત ગોળી લીધા પછી યુવાનોને ફરજીાત ગોળી લેવાની તલપ લાગે છે. જિલ્લા અને ગાંધીનગર આરોગ્ય વિભાગ ધાનેરામાં ખાનગી રાહે તપાસ કરી ગોળીની જાંચ કરશે. અને યુવાનોને ભવિષ્યની સાથે ચેડા થતાં હોય તો ગોળીના માલિક તથા વેચનાર પર યોગ્ય કાર્યવાહી થશે તેવી ધાનેરાના લોકોની માંગ છે.

# તલોદ ખાતે દિગંબર જૈન મુનિ સુરદેવ સાગરજીનો ચાર્તુમાસ પ્રવેશ



તલોદ, તા. ૬

દિગંબર જૈન સમાજની નોંધપાત્ર વસ્તી ધરાવતા સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર ખાતે આજે સવારે દિગંબર જૈન મુનિ પૂ. આચાર્ય શ્રી સુરદેવ સાગરજીનો મંગલ પ્રવેશ થતાં તેઓને આવકારવા દિગંબર જૈન મુનિ પંથી પરિવારો કળશ-શ્રીફળ અને બેન્ડવાજા સાથે વાજતે ગાજતે તલોદના પ્રવેશદ્વારે દોડી આવ્યા હતા અને ચાતુર્માસ નિમિત્તે આવી પહોંચેલા મુનિ મહારાજશ્રીનુ સ્વાગત કર્યુ હતુ. મહારાજશ્રીના આગમનથી અબાલ-વૃદ્ધ ભાવિકોમાં હર્ષની લાગણી ઉદ્દ્ભવી છે. જેઓ મહારાજશ્રીની અમૂલ્ય વાણીનો લાભ લેવા ઉત્સુક જણાઈ રહ્યા છે.

તલોદનગર ખાતે ૩૪મા પાવન વર્ષાયોગ પ્રસંગે પધારેલા મુનિ રત્નશ્રી સંભવસાગરજીના શિષ્ય આચાર્યશ્રી ૧૦૮ સુરદેવ સાગરજી મહારાજ તલોદ બજાર મધ્યે આવેલા શ્રી આદિનાથ દિગંબર જૈન મંદિર પરિસરમાં ચાતુર્માસ ગાળશે. જે દરમ્યાન દિ. જૈન સમાજ અને ચાતુર્માસ કમિટિએ અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જે પૈકી શનિવાર તા. ૮-૭-૧૭ બપોરે દિ. જૈન સમાજવાડી ખાતે શાસ્ત્રોક્ત વિધિ વિધાન અનુસાર ચાતુર્માસ કળશ સ્થાપનનો પ્રથમ કાર્યક્રમ યોજાનાર છે. તલોદ ખાતે તાજેતરમાં જ પૂજ્ય ૧૦૮ આચાર્યશ્રી વિદ્યાસાગરમુનિ મહારાજશ્રીનુ ૫૦મી દિક્ષા જયંતિનો સમારોહ શાનદાર રીતે ઉજવવામાં આવ્યો હતો. દિક્ષા જયંતિ ઉજવણી પ્રસંગે જૈન મંદિરમાં સમૂહ-પૂજા, અભિષેક તથા પૂ. આચાર્યશ્રીના તૈલચિત્ર સાથેની નગરયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ.

# પેરા-લીગલ વોલનટીયર્સમાં જોડાવાની અમૂલ્ય તક

હિંમતનગર, તા.૬

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના અમદાવાદના નિર્દેશાનુસાર સાબરકાંઠા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ધ્વારા ગ્રામ પંચાયત કચેરી તથા પોલીસ સ્ટશેન તથા જેલો ઉપર તથા સ્થાનિક સંસ્થાઓમાં કાનૂની સેવા કેન્દ્રોની સ્થાપના માટે તેમજ કાનૂની સેવા કાર્યક્રમોના આયોજન તેમજ કાનૂની જાગૃતિના પ્રચાર હેતુ અંગે પેરા-લીગલ વોલીયન્ટીયર્સ નિમૂણક કરવાની થાય છે.

જેમાં શિક્ષક, નિવૃત શિક્ષક, નિવૃત સરકારી કર્મચારી, વરિષ્ઠ નાગરીક, આંગણવાડી કાર્યકર્તા, ડૉકટર, ફીજીશ્યન, સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ એન.જી.ઓ અથવા કલબના સભ્યો, મહિલા ગ્રૃપ/મૈત્રસ સંગમ/ સ્વંય સહાયતા સમૂહના સભ્યો, શિક્ષિત કેદીઓ જેનો સારો વ્યવહાર હોય અને લાંબા સમયથી સજા ભોગવતા હોય તથા અન્ય કોઈ વયક્તિ કે જેને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સક્ષમ અને તે નાગરીકો અરજી કરી શકશે.

આ પેરા-લીગલ વોલીયન્ટીયર્સ માટે માધયમિક શિક્ષણ બોર્ડની સેકનડરી પરીક્ષા, કલા, વાણીજ્ય અથવા વિજ્ઞાનમાં સરકાર ધ્વારા માનયતા પ્રાપ્ત સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ જેને દૈનિક ૨૫૦/-નું માનદ વેતન ચુકવવામાં આવશે. જેને જરૂરી દસ્તાવેજો સાથે તા. ૩૧ જુલાઈ ૨૦૧૭ સુધીમાં નિયત નમૂનામાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ હિંમતનગર ખાતે અથવા ઈડર, પ્રાંતિજ, તલોદ, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકા સેવા સત્તા મંડળ ખાતે ટપાલમાં અથવા રૂબરૂમાં અરજી મોકલવાની રહેશે.

# પૂજા-પ્રસાદ પર જીએસટી રદ કરવા અરવલ્લી વિશ્વ હિંદુ પરિષદની માંગ

અરવલ્લી, તા. ૬

તાજેતરમાં વર્તમાન સરકાર દ્વારા જીએસટી અમલી કરાતા તેમાં પૂજા સામગ્રી તેમજ મંદિરો દ્વારા વેચાતા પ્રસાદ પર જીએસટી અમલી કરાતા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા તેને રદ કરવાની માંગણી સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને આવેદનપત્ર આપ્યુ હતુ. અરવલ્લી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટી સરકારના નિર્ણયની ટીકા કરી હતી.

આવેદનપત્રમાં ઉલ્લેખાયા મુજબ તીરૂપતિ મંદિર અને તેના જેવા અન્ય મોટા મંદિરો દ્વારા તૈયાર કરાતા પ્રસાદ પર પણ જીએસટી લગાવાયાનુ દૂર કરવામાં આવે. પહેલાની સરકાર દ્વારા ધર્મેનિસ્પેક્ષતાના નામે હિન્દુ વિરોધ અને હિન્દુઓ તેમજ તેમની ભાવનાઓનુ દમન કરવાની નીતિ રહી હતી. પરંતુ વર્તમાન સરકાર પાસે આખો દેશ ધર્માધારીત અને ધર્મ પ્રેરીત રાજ્ય વ્યવસ્થા પાલનની અપેક્ષા રાખે છે માટે વર્તમાન સરકારને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અનુરોધ કરવામાં આવે છે કે, એમના કોઈ પણ નિર્ણયથી દેવસ્થાન તેમાં પ્રવેશ દર્શન, પૂજા સામગ્રી જેવી કે



ધૂપ, અગરબત્તી, હવન સામગ્રી, પ્રસાદ તેમજ અન્યમાં ઉત્પાદનો પર જીએસટી લાગુ નહી કરવામાં આવેની ખાત્રી આપી જીએસટી દૂર કરવો જોઈએ. ગુજરાતના વડતાલ ખાતે વિશ્વ હિન્દુ પરિષદની કેન્દ્રીય પ્રબંધ સમિતિની બેઠકમાં આ અવગત કરવાનો નિર્ણય લેવાયો છે માટે આ આવેદનપત્ર પાઠવી પૂજા સામગ્રી અને પ્રસાદ પર લગાવેલ જીએસટી રદ્ કરવાની માંગ સાથે ઉઠાવી લેવામાં આવે તેમ જણાવાયુ છે.

અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને આવેદનપત્ર પાઠવવામાં અરવલ્લી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ રામભાઈ પટેલ, મંત્રી ભાવસાર મહેશભાઈ, સહમંત્રી કનુભાઈ પટેલ (આનંદપુરા કંપા), મોડાસા વીએચપી શહેર પ્રમુખ હિતેશ દોશી, બજરંગ દળના સંયોજક પ્રીયંક પટેલ, મંત્રી અજય ભાટીયા સહિત મોટી સંખ્યામાં જિલ્લા વીએચપી અને બજરંગ દળના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને સરકારની નીતિની ટીકા કરી હતી.

## પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા

# પૂજા સામગ્રી પ્રસાદ પર લગાવેલ જીએસટીને રદ કરવા આવેદનપત્ર

પ્રાંતિજ, તા. ૬

સરકાર દ્વારા જીએસટી અમલી કરાતાં તેમાં પૂંજા સામગ્રી તેમજ મંદિરોમાં વેચાતાં પ્રસાદ પર



જીએસટી અમલી કરતાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ઠેર ઠેર વિરોધ થઈ રહ્યો છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ વિરોધની સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પૂજા-સામગ્રી તેમજ મંદિરોમાં વેચાતાં પ્રસાદ પર જીએસટી લાગુ કરાતા દેશભરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિરોધ થઈ રહ્યો છે. પ્રાંતિજ ખાતે પણ વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો કાર્યકર્તાઓ દ્વારા પ્રાંતિજ ખાતે તાલુકા સેવાસદન ખાતે સુત્રોચ્ચારો સાથે પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં સુનીલદાસજી મહારાજ, વિશ્વહિન્દુ પરિષદ પ્રાંતિજ ખાતેના પ્રમુખ સરદારસિંહ મકવાણા, નટુભાઈ બારોટ, ગોવિદભાઈ પટેલ, અલ્પેશભાઈ રાવલ, મેહુલભાઈ પટેલ સહિત વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગદળના કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને પૂજા સામગ્રી તથા મંદિરોમાં આપતી પ્રસાદ ઉપર લગાવેલ જીએસટી હટાવો વિરૂધ્ધમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# ભિલોડા ખાતે વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલયમાં સુકન્યા યોજના હેઠળ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય,ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી,ભરતભાઈ ત્રિવેદી,એન.આર.એ.વિદ્યાલય આચાર્ય વી.ટી.ચૌહાણ,રાજુભાઈ આચાર્ય સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.વિદ્યાર્થીનીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# મહેસાણા જિલ્લામાં કલા મહાકુંભ ૨૦૧૭ યોજાશે

મહેસાણા, તા. ૬

મહેસાણા જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભ ૨૦૧૭નુ આયોજન કરેલ છે. ખેલ મહાકુંભમાં ૧૦ વર્ષથી નાના, ૧૧ થી ૨૦ વર્ષ સુધીના અને ૨૧ વર્ષથી ઉપરના કલાકારો માટે આયોજન કરાયું છે. જેમાં ગાયન વિભાગ, નૃત્ય વિભાગ, વાદન વિભાગ અને અભિનય વિભાગનો સમાવેશ થાય છે. આ સ્પર્ધાઓ તાલુકા, જિલ્લા પ્રદેશ અને રાજ્ય કક્ષાએ ૧૯ જુલાઈથી ૧૦ સપ્ટેમ્બર સુધી યોજાનાર છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે ૧૭ જુલાઈ સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. શાળામાં અભ્યાસ કરતા બાળકો શાળા મારફત અને અભ્યાસ ન કરતા કલાકારો માટે જિલ્લા રમત ગમત અધિકારી, બ્લોક નં ૧, ત્રીજો માળ, બહુમાળી ભવન મહેસાણાનો ફોન નંબર ૦૨૭૬૨-૨૨૨૬૦૨નો સંપર્ક સાધવાનો રહેશે.

ગાયન વિભાગમાં સુગમ સંગીત, ગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, સમૂહ ગીત, તેમજ નૃત્ય વિભાગમાં ગરબા, રાસ, ભરત નાટ્યમ, કથ્થક, લોકનૃત્ય તેમજ વાદન વિભાગમાં વાંસળી, તબલા, હાર્મોનિયમ, ઓરગન, પખાવજ, સિતાર, ગિટાર, વાયોલીન, સ્કુલ બેન્ડ અને મૃદગમ અને અભિનય વિભાગમાં એકપાત્રીય અભિનયનો સમાવેશ કરવામાં આવેલ છે તેમ જિલ્લા રમત ગમત અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# મહેસાણા જિલ્લો સરકારની તમામ યોજનાઓમાં અગ્રેસર રહે તે દિશામાં કામ કરીએ : જયશ્રીબેન

મહેસાણા, તા. ૬

મહેસાણા સરકીટહાઉસ ખાતે ડિસાના ચેરમેન જયશ્રીબહેન પટેલની અધ્યક્ષતામાં બેઠક યોજવામાં આવી હતી. ડિસ્ટ્રીક ડેવલપમેન્ટ કો. ઓર્ડિનેશન અને મોનીટરીંગ કમીટીની બેઠકમાં સરકારની વિવિધ યોજનાઓની સમીક્ષા કરાઈ હતી. આ બેઠકમાં ૩૦ જાન્યુઆરીના રોજ મળેલ બેઠકની ચર્ચા કરાઈ હતી. જેમાં મનરેગાના કામો, સુઝલામ સુફલામ વિભાગના કામોનું કન્વર્ઝેશન, મિશન મંગલમ, આધાર સીડીંગ, અપંગ પેન્શન યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ઉજાલા યોજના, બેટી બચાવો સહિત પર ચર્ચા કરાઈ હતી.

મહેસાણા જિલ્લામાં ઉજાલા યોજના અંતર્ગત મે ૨૦૧૭ સુધી ૧૨૨૧૭૯૩ એલ.ઈ.ડી બલ્બ, ૨૩૬૨૮ એલ.ઈ.ડી ટ્યુબલાઈટ, ૧૭૫૫૯ પંખાનું વેચાણ કર્યુ છે. આ યોજના થકી ૧૨.૩૭ કરોડની યુનીટ બચત થાય છે જેની રકમ રૂપિયા ૫૨ કરોડ જેટલી થાય છે.

સાસંદ જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતું કે જિલ્લાના છેવાડાના માનવીનો લાભ મળે તે દિશામાં અમલીકરણ અધિકારીઓ દ્વારા કામ થવુ જોઈએ. સરકારની વિવિધ યોજનાઓનો પ્રચાર-પ્રસાર યોગ્ય રીતે કરવા પણ સુચન કર્યુ હતું. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અને હાઉસીંગ ફોર ઓલ અર્બનમાં લાભાર્થી લાભથી વંચિત ન રહે તે જોવા જણાવ્યું હતું.

મહેસાણા શહેરમાં સરકાર દ્વારા આયોજીત અમૃતમ યોજનામાં ૨૦૧૫થી ૨૦૧૮ સુધીની કામગીરીની સમીક્ષા કરાઈ હતી. પ્રધાનમંત્રી ગ્રામિણ આવાસ યોજનાની માહિતી આપતાં જણાવ્યું હતું કે આ યોજના પ્રધાનમંત્રી દ્વારા ૨૦ નવેમ્બર ૨૦૧૬ના રોજ લખનૌથી શરૂ કરાઈ છે. જેમાં ૨૦૧૬-૧૭ માટે જિલ્લામાં ૧૪૯૭ આવાસોનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આવાસ યોજનામાં ૧,૨૦,૦૦૦ આવાસ સહાય, ૧૨૦૦૦ શૌચાલય અને ૭૦,૦૦૦ લોન ઉપલ્બધ કરવામાં આવે છે.

# ખેડબ્રહ્મામાં નગરપાલિકાના કર્મચારીઓએ આવેદનપત્ર આપ્યુ



ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા નગરપાલિકાના કર્મચારીઓ આગામી ૨૦ જુલાઈથી અચોક્કસ મુદતની હડતાલ પર જઈ રહ્યા છે તે સંદર્ભે આવેદનપત્ર આપ્યુ હતુ.

ગુજરાત રાજ્ય કમ નગરપાલીકા કર્મચારી મંડળ દ્વારા કર્મચારીઓની વિવિધ માગણીઓ તથા પ્રશ્નોની સરકારમાં કોઈ હકારાત્મક નિર્ણય ન થવાથી ગુજરાતની તમામ નગરપાલિકા સાથે ખેડબ્રહ્મા નગરપાલિકાના કર્મચારીઓ પણ ૨૦ જુલાઈથી આવશ્યક સેવાઓ સાથે હડતાલ પર જઈ રહ્યા છે તે અંગે નગરપાલિકાના કર્મચારીઓએ પ્રમુખ સાગરભાઈ પટેલ તથા ચીફ ઓફીસરને આવેદનપત્ર આપ્યુ હતુ.

# મેલેરિયા વિરોધી અને ડેન્ગ્યુ વિરોધી માસની ભવ્ય ઉજવણી



હિંમતનગર, તા.૬

સાબરકાંઠા જીલ્લા પંચાયત મેલેરિયા શાખા દ્વારા મેલેરિયા મુકત ગુજરાત -૨૦૨૨ અંતર્ગત તા ૬-જુલાઈ નાં રોજ સરકીટ હાઉસ ખાતે જીલ્લાના પદાધીકારીશ્રીઓ ની એક દિવસીય કાર્યશાળા યોજાઈ. આ કાર્યશાળામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.મનીષ ફેન્સી, જીલ્લા મેલેરિયા અધિકારીશ્રી બનેસિંહ રાઠોડ તથા જીલ્લા તાલીમ ટીમના એસ.એમ.ઓ ડો. એન. એમ. શાહે પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા મચ્છરની ઉત્પતિ, જીવનચક્ર, રોગનો ફેલાવો તેમજ મેલેરિયાની સારવાર અને અટકાયત અંગે જરૂરી પગલાં અંગે જાણકારી આપેલ.

જીલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષ વ્યાસે માન. આરોગ્ય કમિશ્નરશ્રી દ્વારા મેલેરિયા મુકત ગુજરાત-૨૦૨૨ અંતર્ગત આપેલ જરૂરી સૂચનોથી સર્વેને માહિતગાર કરી સર્વે પદાધીકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓએ આ અંગે જરૂરી કામગીરી સારું આયોજન કરી તેનું ક્ષેત્રીય કક્ષાએ ઝડપી અને ગુણવતાયુકત અમલીકરણ બાબતે સુચન-માર્ગદર્શન આપેલ.

જીલ્લા પંચાયત પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ કુમ્પાવતે સર્વેને સંબોધતા જણાવ્યુ કે આપણે ગ્રામકક્ષાએ તાલુકાનાં પદાધીકારીશ્રીઓ અને સરપંચશ્રીનાં સહયોગ તથા આરોગ્ય ટીમના સંકલનથી મેલેરિયા મુકત ગુજરાતની પરિકલ્પના ને પરિણામલક્ષી બનાવવા કટિબદ્ધ બનવાનું છે.

આ વર્કશોપમાં જીલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી નેતાભાઈ સોલંકી, કારોબારી ચેરમેન હર્ષદભાઈ પટેલ, શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી મણીભાઈ પટેલ, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી દીવાનજી ઠાકોર, બાંધકામ સમિતિ ચેરમેનશ્રી અભેસિંહ રાઠોડ,તાલુકા પંચાયત નાં પ્રમુખશ્રીઓ, જીલ્લા પંચાયત પદાધિકારીઓ અને આરોગ્ય શાખાના અધિકારીશ્રીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહેલ.